એક એવું અખબાર જ્યાં વાંચકો સર્વોપરી છે.

RNI NO. 71796/97

# રવિ સંધ્યા ન્યુઝ

તંત્રી-માલિક :- હિમાંશુભાઈ હરિભાઈ મહેતા Mo. 9998471977 | સહ તંત્રી :- શિરીષભાઈ હરિભાઈ મહેતા Mo. 9898681200

ગુરુવાર તા. ૨૨/10/૨૦૨6 DIGITAL NEWSLETTER જૂનાગઢ, ગુજરાત


# 'ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત- ૨૦૮૨'નું મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિમોચન કરાયું

## ગુજરાતના સાહિત્ય, કલા અને સંસ્કારના વારસાને ઉજાગર કરવાની અનોખો પ્રયાસ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના સાહિત્ય, કલા અને સંસ્કારના વારસાને ઉજાગર કરતા ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત ૨૦૮૨નું વિમોચન કર્યું હતું.

રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રતિ વર્ષ પોતાની આગલી પરંપરા અનુસાર 'ગુજરાત દીપોત્સવી અંક' પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ વર્ષે ગુજરાત દીપોત્સવી – ૨૦૮૨માં ગુજરાતના મુર્ધન્ય સાહિત્યકારોની સર્જનશીલ કલમે રજૂ થયેલા સાહિત્યની સૌરભથી વાચક મિત્રોનું મન પ્રફુલ્લિત બને તેવા ચિંતનાત્મક લેખો, કાવ્યો, નવલિકાઓ, વિનોદિકાઓ, નાટિકાઓ સાથેનો સાહિત્ય રસથાળ પીરસવામાં આવ્યો છે.



સર્વશ્રી ગુણવંતભાઈ શાહ, વિષ્ણુભાઈ પંડયા, ડૉ. કુમારપાળ દેસાઈ, રઘુવીરભાઈ ચૌધરી, શાહબુદ્દીન રાઠોડ, રતિલાલ બોરીસાગર, માધવ રામાનુજ, રાજેન્દ્ર શુકલ જેવા લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકારોની સર્જનશીલ કલમે લખાયેલી સાહિત્યકૃતિઓ દીપોત્સવી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે.

## આ દળદાર અંકની વિશેષતાઓ

- ૨૮ અભ્યાસલેખો
- ૨૮ નવલિકાઓ
- ૧૬ વિનોદિકાઓ
- ૯ નાટિકા
- ૯૯ જેટલી કાવ્યરચનાઓ

સાથેસાથે પ્રકૃતિ, લોકજીવન અને માનવીય સંવેદનાઓને અભિવ્યક્ત કરતી **૫૨ જેટલી રંગીન તસવીરો અને મનમોહક ચિત્રો** આ અંકને વધુ નયનરમ્ય બનાવે છે.

## ઉપસ્થિત રહેલા અધિકારીઓ

- રાજ્યના મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસ
- અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર
- માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ શ્રી વિક્રાંત પાંડે
- અધિક માહિતી નિયામક શ્રી સંજય કચોટ
- સંયુક્ત માહિતી નિયામક શ્રી જયેશ દવે સહિત માહિતી ખાતાનાં ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

જીવનમાં મુશ્કેલીઓ આવે તો નાસીપાસ ન થવું, કારણ કે કુદરત હંમેશા કાંટા પછી જ સુંદર ગુલાબ ખિલાવે છે.